
## જન્મશતાબ્દી પુસ્તકમાળા

# મનુષ્ય – માર્ગ ભૂલેલો દેવતા



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

# મનુષ્ય – માર્ગ ભૂલેલો દેવતા

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

## અમે કયા દેવતાની પ્રાર્થના કરીએ

દેવીઓ, ભાઈઓ ! ઋષિના મનમાં એક સવાલ ઉદ્દભવ્યો. કસ્મૈ દેવાય હવિષા વિધેમ. અમે કયા દેવતાની પ્રાર્થના કરીએ અને કયા દેવતા માટે હવન કરીએ, યજન કરીએ, પ્રાર્થના કરીએ. એવા કયા દેવ છે જે અમારી આવશ્યકતાઓને પૂરી કરી શકે. અમને શાંતિ પ્રદાન કરી શકે, અમને ઉપર ઉઠાવવામાં મદદ કરી શકે. કયા દેવતાને પ્રણામ કરીએ.

મિત્રો ! અનેક દેવતાઓનું પૂજન કરતાં કરતાં અમે થાકી ગયા છીએ. અમે શંકરજીની પૂજા કરી, હનુમાનજીની પૂજા કરી, ગણેશજીની પૂજા કરી અને કોને ખબર શું શું ઇચ્છા રાખી ? પરંતુ કોઈ જ ઇચ્છા પૂરી થઈ ન શકી. અમે એકને છોડીને બીજાની પાસે ગયા. બીજાને છોડીને ત્રીજાની પાસે ગયા. શું એવા કોઈ દેવ હોય એ શક્ય છે, જે અમારી મનોકામનાને પૂર્ણ કરવામાં સમર્થ હોઈ શકે ? જે અમને પ્રત્યક્ષ ફળ નિશ્ચિતપણે આપવાનો સમર્થ હોઈ શકે – નિશ્ચિત ફળ, પ્રત્યક્ષ ફળ, તત્કાળ ફળ. શું એવા પણ કોઈ દેવતા છે. જેના વિશે એવું કહી શકાય કે એમની પૂજા નિરર્થક નહિ જાય ? 'કસ્મૈ દેવાય હવિષા વિધેમ' એવા દેવ કોણ છે ?

મિત્રો ! એક દેવ મારી સમજમાં આવી ગયા. આ દેવતા એવા છે કે જો તમે આની પૂજા કરી શકતા હો, આનું યજન કરી શકતા હો, હવન કરી શકતા હો તો આ દેવતા તમારા જીવનમાં સમુચિત પરિણામ આપવા સમર્થ છે.

કયા છે એ દેવ ? તે દેવતાનું નામ છે – આત્મદેવ. સ્વયં પોતાની પૂજા જો કરી શકીએ, સ્વયં પોતાને જો આપણે સંભાળી શકીએ. સુધારી શકીએ. સ્વયં પોતાને જો આપણે સભ્ય અને સુસંસ્કૃત બનાવી શકીએ, તો મિત્રો ! આપણી પ્રત્યેક આવશ્યકતા, પ્રત્યેક કામનાને પૂરી કરવામાં સમર્થ છે, આપણી ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિના દ્વાર ખોલવાને સમર્થ છે, આપણા આ – આત્મદેવ. આત્મદેવની પૂજા, આત્મદેવનું ભજન, આત્મદેવનું યજન, આત્મદેવનો હવન – આનું જ નામ છે સાધના.

સાધના કોની ? ગણેશજીની. ના બેટા ! ગણેશજીને તો રીત ખબર છે કે તેમણે શું કરવાનું અને કઈ રીતે રહેવાનું છે ? તેમની પાસે તો બધી જ વ્યવસ્થાઓ છે. બે બે પત્નીઓ છે – રિદ્ધિ-સિદ્ધિ. એક ખાવાનું પકવી આપે છે, એક કપડાં ધોઈ આપે છે. તમારે કોઈ જ જરૂર નથી ગણેશજીની સાધના કરવાની.

આત્મદેવરૂપી કલ્પવૃક્ષની સાધના

મિત્રો ! સાધના સ્વયં પોતાની કરો. આપણું જીવન કલ્પવૃક્ષ છે. જો આ કલ્પવૃક્ષની સાધના આપણે કરી શકીએ, તો આ આપણી દરેકેદરેક મનોકામના પૂર્ણ કરવામાં સમર્થ છે. મેં સાંભળ્યું છે કે એક કલ્પવૃક્ષ હોય છે. ક્યાં હોય છે ? સ્વર્ગલોકમાં હોય છે. એની વિશેષતા શી હોય છે ? એની વિશેષતા મેં જે સાંભળી છે તે એ કે જે કોઈ આ વૃક્ષની નીચે જઈ બેસે છે, તેની ઇચ્છાઓ પૂર્ણ થઈ જાય છે. જે કોઈ વિચારે છે, તુરંત બધું જ મળી જાય છે. શું આવું કોઈ કલ્પવૃક્ષ હોવું સંભવ છે ? હા એક કલ્પવૃક્ષ છે અને તે છે – આપણું જીવન. આપણે આપણા જીવનના મહિમાને, ગરિમાને સમજી શકીએ. જીવનના મહત્વ અને મૂલ્યને સમજી શકીએ, તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવાને સમર્થ બની શકીએ તો આપણા જીવનમાં મજા આવી જશે. તો પછી શું થઈ શકે ? પછી તો આપણે આગળ વધીને મનુષ્યમાંથી દેવ બની શકીએ છીએ. દેવ ? હા બેટા ! દેવ ! દેવતા તો ત્યાં સ્વર્ગમાં રહે છે. ના બેટા ! દેવતા સ્વર્ગમાં નથી રહેતા.

મિત્રો ! દેવતા એક પ્રકૃતિનું નામ છે અને રાક્ષસ પણ એક પ્રકૃતિનું નામ છે. આકૃતિ નહિ પ્રકૃતિ. રાક્ષસોનો દેખાવ કેવો હોય છે ? કાળો હોય છે. કેમ સાહેબ, દક્ષિણ ભારતના લોકો તો કાળા હોય છે તો શું એ બધા રાક્ષસ છે ?

ના બેટા ! એ રાક્ષસ હોઈ ન શકે. રાક્ષસ કેવા હોય છે ? જેના મોટા મોટા દાંત હોય છે. અમારા પિતાજીના દાંત મોટા છે, તો શું એ રાક્ષસ છે ? ના બેટા ! એ રાક્ષસ હોઈ ન શકે. તો પછી મોટા દાંતવાળા અને કાળો ચહેરો ધરાવનારને તમે કઈ રીતે રાક્ષસ કહી દીધા ? રાક્ષસને તો શિંગડાં હોય છે. શિંગડા તો સાહેબ ગાયને હોય છે, તો શું ગાય રાક્ષસ થઈ ગઈ ? અરે મહારાજજી ! તમે ઉંધી-ચત્તી વાતો કર્યા કરો છો ? હા બેટા ! હું ઉંધી વાત કરીને સમજાવી રહયો છું કે આ જે આલંકારિક વર્ણન કરવામાં આવ્યું છે, તે પ્રકૃતિનું વર્ણન છે – આકૃતિનું નહિ. જેમના ચહેરા પર દુષ્કર્મો અને દુર્બુદ્ધિના કારણે કલંક લાગે, કાળા મેશ જેવા થઈ ગયા હોય તેવા મનુષ્યો રાક્ષસ છે.

## આકૃતિ નહિ પ્રકૃતિ જુઓ

જેમના દાંત મોટા છે અર્થાત્ જે લાલચુ છે. જે કોઈ પણ કિંમત પર અન્યનું ખાવા ઇચ્છે છે, જમા કરવા ઇચ્છે છે. તેમના મોટા મોટા દાંત શિયાળ જેવા, સિંહ જેવા, કાગડા જેવા અને કૂતરા જેવા હોય છે. જે કોઈનું પણ લોહી પી જાય, એવી વ્યકિતઓને રાક્ષસથી ઓળખવામાં આવે છે. રાક્ષસોને મોટા શિંગડાં હોય છે. મનુષ્યોમાં તો મેં શિંગડાં જોયા નથી. ના સાહેબ ! મનુષ્યોને પણ હોય છે. હા બેટા ! હોય તો છે. કારણ વગર આને પણ ધક્કો માર્યો. પેલાને પણ વગાડયું. આને પણ નુકસાન પહોંચાડયું, પેલાને પણ નુકસાન પહોંચાડયું – આવી વ્યકિતઓ રાક્ષસ હોય છે. તો મહારાજજી ! રાક્ષસની કોઈ આકૃતિ હોતી નથી ? ના બેટા ! આકૃતિ તો કોઈ જ નથી, પ્રકૃતિ હોય છે. રાક્ષસ પણ મારા અને તમારા જેવા જ સંભવ છે.

દેવતા સ્વર્ગમાં રહે છે. હા બેટા ! રહેતા હશે, હું કહી નથી શકતો. દેવતા મનુષ્ય બની શકે છે ? હા, દેવતા કોઈ આકૃતિ નથી, દેવતા પણ એક પ્રકૃતિ છે. અમારા અને તમારા જેવા મનુષ્યોની વચ્ચે ઘણા બધા દેવતા હોઈ શકે છે. દેવતા કેવા હોય છે ? બેટા, દેવતા ગોરા રંગના હોય છે. સાહેબ, યુરોપમાં બધા જ ગોરા રંગના રહે છે, પંજાબ અને સીમાપ્રાંતમાં પણ બધા ગોરા રંગના રહે છે, તો શું આ બધા દેવતા છે ? ના બેટા ! ગોરો ચહેરો એમ મારો કહેવાનો અર્થ નથી.

મારો કહેવાનો  અર્થ એવો છે કે જેમના વિચાર, જેમનો વ્યવહાર, જેમનું આચરણ, જેમનો દૃષ્ટિકોણ સ્વચ્છ છે, ગોરો છે, શુદ્ધ છે, નિર્મળ છે, ઉજ્જ્વળ છે – તે દેવ છે.

કેમ સાહેબ ! દેવતા ક્યારેક તો ઘરડા થતા હશે ? ના બેટા ! દેવતા ક્યારેય ઘરડા થતા નથી હમેશાં જુવાન રહે છે. તો સાહેબ જ્યારે પ્રત્યેક વ્યકિત મૃત્યું પામે છે તો દેવતાઓ પણ મૃત્યું પામતા હશે. હા બેટા ,મૃત્યું તો જરૂર પામતા હશે – પરંતુ ઘરડા થતા નહિ હોય. ઘરડા કોને કહેવાય ? ઘરડા એને કહે છે – જે વ્યકિત થાકી ગઈ હોય, હારી ગઈ, નિરાશ થઈ ગઈ, જેણે પરિસ્થિતિઓમાં માથું ટેકવી દીધું હોય, જેણે એવું કહી દીધું કે પરિસ્થિતિ વિકટ છે અને તેણે સામો કરવાનો ઈન્કાર કરી દીધો હોય, તેવી વ્યકિત ઘરડી. જે વ્યકિતની જુવાની ટિટોડી જેવી હમેશાં રહે છે. કેવી રીતે ? સમુદ્ર વિશાળ હતો, તે ટિટોડીનાં ઈંડા વહાવીને લઈ ગયો. ટિટોડીએ કહ્યું – સમુદ્ર, આપ વિશાળ છો ઠીક છે, પરંતુ અમે  તો તમારી સામે લડીશું પછી ભલે ને મોત આવે, ગભરાઈશું નહિ. મરી જઈશું પણ તમારી સાથે લડીશું. જેનામાં આ હિંમત છે, સાહસ છે એ વ્યકિત કોણ છે ? એ વ્યકિત દેવતા છે.

મિત્રો ! દેવતા ક્યારેય વૃદ્ધ થતા નથી, હમેશાં જુવાન રહે છે. કેમ સાહેબ ! ૮૦ વર્ષના થઈ જાય તો ? તો પણ જુવાન. ગાંધીજી ૮૦ વર્ષના થઈ ગયા હતા અને તેઓ કહેતા હતા કે હું તો ૧૨૦ વર્ષ જીવીશ. તેઓ બીજા ૪૦ વર્ષ જીવવા ઇચ્છતા હતા. વિરોધીઓએ તેમને મારી નાખ્યા, નહિતર તેઓ જીવી શકયા હોત. પંડિત નહેરુ લગભગ ૭૫ વર્ષની નજીક પહોંચી ગયા હતા, પરંતુ અમે પોતે તેમને ઘડપણમાં પણ સીડી ચઢતા જોયા છે. તેઓ એ રીતે  ચઢતા હતા જાણે કોઈ બાળક ચઢતું હોય. જેમની અંદર ઉમંગ છે, આશા છે, જીવન અને જીવટ છે એ વ્યકિત દેવતા છે. દેવતા એને કહેવાય જે હંમેશાં આપતા રહે. જેમની વૃત્તિ હમેશાં એ રહે કે અમે  આપીશું શું આપીશું ? આપવા માટે તો અમારી પાસે કશું નથી. અચ્છા, તો તમારું કહેવાનું છે કે તમારી પાસે પૈસા નથી, તમારે પૈસા જોઇએ છે. તમે પૈસાને જ સૌથી મોટી વસ્તુ માનો છો. પૈસો એ ચોથા નંબરની શકિત છે અને આ જમાનામાં તો હું કહું છું કે વિનાશકારી શકિત છે.

પૈસો પણ કોઈ શકિત છે ? પૈસો એ કોઈ શકિત નથી. મનુષ્યની શકિતઓમાં મૂળભૂત શકિત એ છે – જે તમારી પાસે પૂરી માત્રામાં વિદ્યમાન છે અને તે છે – શ્રમ. પૈસો તેના જ દ્વારા આવે છે. જો તમે તે આપવા ઇચ્છતા હશે તો દાનવીર બની શકશો.

### શ્રમનું દાન હજારી કિસાન

મિત્રો ! આપણી પાસે શ્રમ છે. મેં કેટલીય વાર હજારી કિસાનની વાત કહી છે. જે બિચારો ભણ્યો-ગણ્યો પણ ન હતો. માલદાર પણ ન હતો. ફક્ત પોતાની તાકાત પર ઊભો થઈ ગયો અને બિહારના ગામડે ગામડે ફરીને આંબાના બગીચા તૈયાર કરતો રહયો. પોતાની જિંદગીમાં હજાર ગામોમાં ફરીને આંબાની વાડીઓ તૈયાર કરી દીધી. હજારી કિસાનના લીધે જિલ્લાનું નામ હજારીબાગ પડયું કેમ કે હજારી કિસાને હજાર વાડીઓ તૈયાર કરી હતી, એટલા મટો હજારી બાગ એક જિલ્લો છે. કેમ સાહેબ ? મનુષ્યની પાસે ફક્ત પરિશ્રમ હોય તો પણ. હા બેટા ! તો પણ ઘણું જ છે. અન્ય લોકોની પાસે મહાપુરુષોની પાસે કેવળ પરિશ્રમ જ હતો અને બીજું શું કહું ? કશું જ ન હતું, માત્ર શરીર હતું. પૈસા હતા ? ના પૈસા ન હતા. મકાન હતું ? ના સાહેબ, મકાન પણ ન હતું. કોઈ જ વસ્તુ ન હતી તેમની પાસે, માત્ર શ્રમ હતો. શ્રમના આધાર પર આપણે  સમાજને ઘણુંબધું આપવાને સમર્થ બની શકીએ છીએ.

મિત્રો ! આપણી પાસે આપવા માટે ઘણીબધી વસ્તુઓ છે. અક્કલ તો આપણી પાસે આવી જબરદસ્ત છે કે આપણે ઇચ્છીએ તો અક્કલના માધ્યમ દ્વારા વ્યાસની જેમ, વસિષ્ઠની જેમ, કબીરની જેમ, દાદૂની જેમ, કેટલાય બીજા લોકોની જેમ આ દુનિયાને એવી વસ્તુઓ આપીને જઈ શકીએ છીએ, જેના દ્વારા દુનિયા આપણી અક્કલને માનતી રહે. આપણી પાસે અક્કલ છે. આપણી પાસે શ્રમ છે, આપણી પાસે સમય છે, આપણી પાસે બુદ્ધિ છે, આપણી પાસે ભાવના છે. આપણી પાસે પતિભા છે, આપણી પાસે આટલા ભંડાર ભર્યા પડયા છે. આટલા મોટા ભંડારને લઈને આપણે દુનિયામાં કોણ જાણે શુંનું શું કરી શકીએ છીએ. જો તમારી પાસે આપવાની વૃત્તિ હશે અને જો તમારી પાસે ધન નહિ હોય તો કોઈ જ દુઃખની વાત નથી. છતાં પણ તમે કંઈ ને કંઈ આપવા માટે પૂર્ણપણે સમર્થ થઈ શકો છો.

દુનિયાની સેવા કરી શકો છો. દેવતા એને કહેવાય, જેમનામાં આપવાની વૃત્તિ હોય. હું ઇચ્છું છું કે તમને બધાને દેવતા બનાવીને જાઉં. હું ઇચ્છું છું કે અહીંથી જ્યારે તમે વિદાય લો ત્યારે એક નવા પ્રકારની વ્યકિત બનીને, દેવતા બનીને વિદાય લો.

### મનુષ્ય – માર્ગ ભૂલેલો દેવતા

દેવતા બનવા માટે શું કરવું પડશે ? સાધના કરવી પડશે. સાધના કોની કરવી પડશે ? બેટા ! પોતાના જીવનની સાધના કરવી પડશે. શંકરજીની સાધના કરું ? ના બેટા ! શંકરજીની પાસે તો ભૂત-પલિત,સાપ, પાર્વતીજી, કાર્તિકેયજી, ગણેશજી અને તેમના વાઘ, બળદ, તેમનો ઉંદર અને મોર જેવા ઘણા બધા સેવા કરવા મટો તૈયાર છે. તું સેવા સાધના નહિ કરે, તો શંકરજીને કોઈ જ વાંધો નથી. તો કોની સેવા કરું ? કસ્મૈ દેવાય હવિષા વિધેમ. બેટા ! પોતાની સેવા કર, બીજા કોની સેવા કરીશ ? દેવતાની સેવા કરીશ. ના , દેવતાને તારી સેવાની જરૂર નથી. તેમની પાસે તો બધી જ વ્યવસ્થા છે. દેવતા તો પોતાનું ગુજરાન કરી લે છે. તો ગુરુજી ! આપના પગ દબાવી આપું ? બેટા ! અમને તો મરવાની પણ ફુરસદ નથી. ગુરુજી પંખો ચાલશે ? તું તો અમારું મગજ વધારે ખરાબ કરીશ, ભાગ.. ના મહારાજજી ! અમે તો આપણી સેવા કરીશું ! શી સેવા કરીશ. આપના માથામાં તેલ લગાવી આપીશ. બેટા ! જેટલા સમયમાં તેલ ઘસી આપીશ એટલી વારમાં અમે વીસ કામ કરી નાંખીશું, શા માટે અમારો સમય ખરાબ કરે છે ? ના મહારાજજી ! વિષ્ણુ ભગવાનની સેવા કરીશ. બેટા ! કોઈ જ જરૂર નથી. વિષ્ણુ ભગવાનને પોતાનું કામ કરવા દે અને તું તારું કામ કર.

મિત્રો ! જે દેવતાની સાધના હું જીવનભર કરતો રહ્યો છું, તે સાધના હું આપ સૌને પણ શીખવવા ઇચ્છું છું. મને એક સંતનું વાકય યાદ આવે છે કે – “મને નરકમાં મોકલી દો, હું ત્યાં જ મારા માટે સ્વર્ગ બનાવી લઈશ.” શું આવું થવું સંભવ છે ? હા, આવું સંભવ છે. વ્યકિત પોતાના શ્રેષ્ઠ ગુણ, શ્રેષ્ઠ વિચાર, શ્રેષ્ઠ આચરણ લઈને જયાં પણ રહેશે, ત્યાં પરિસ્થિતિઓ બદલાતી જશે. જો તે નરકમાં રહેશે તો ત્યાં સ્વર્ગનું નિર્માણ થતું જશે. યુધિષ્ઠિરને એક  વાર નરકમાં મોકલી દેવામાં આવ્યા.

પોતાના સારા વ્યવહારને કારણે તેમણે સંપૂર્ણ વાતાવરણને, પરિસ્થિતિઓને બદલી નાખ્યાં હતા અને સ્વર્ગનું નિર્માણ કરવામાં સફળ રહયા હતા. શું આવું શક્ય  છે ખરું ? હા બેટા ! આવું થઈ શકે છે. જયાં પણ આવી શ્રેષ્ઠ મનઃસ્થિતિ રહેશે, ત્યાંની બધી જ પરિસ્થિતિઓ, વાતાવરણને બદલી શકે છે અને પોતાના માટે સ્વર્ગ બનાવી શકે છે. હું ઇચ્છું છુ કે આપ સ્વર્ગમાં રહો અને નરકમાંથી નીકળો. આપ નર-પશુના કલેવરમાંથી નીકળી જાવ, નર-કીટકના કલેવરમાંથી નીકળી જાવ અને એવા કલેવરમાં રહો, જેને દેવતા કહે છે. આપ દેવતાની જેમ જીવો.

## દેવોની વિશેષતાઓ

મિત્રો ! દેવોની કેટલીક વિશેષતાઓ હોય છે અને હું ઇચ્છું છું કે એ વિશેષતાઓ તમારી અંદર ઉત્પન્ન થઈ જાય. દેવતાની પાંચ વિશેષતાઓ મેં વાંચી છે. એ પાંચ વિશેષતાઓની સાધના જો તમે તમારા જીવનમાં શરૂ કરશો તો તમે દેવતાના સ્તર પર પ્રવેશ કરી શકો છો અને પાંચેય વસ્તુઓ પામી શકો છો. દેવતાના ગુણોમાં, દેવતાની પાસે જે સિદ્ધિ હોય છે, તેમાંની એક હોય છે – આપ્તકામ. આપ્તકામ કોને કહે છે ? આપ્તકામ એને કહે છે. બેટા ! જેની બધી જ મનોકામનાઓ પણ પૂરી થઈ જાય. કેમ સાહેબ ! તો પછી શું અમારી મનોકામનાઓ પણ પૂરી થઈ જશે ? બેશક, આપની મનોકામના પણ પૂરી થઈ જશે, જો તમે દેવતા બનવા માટે તૈયાર થઈ જશો તો. કઈ રીતે થઈ જશે ? આપ્તકામ શું છે ? કામનાનું સ્તર બદલી નાંખે છે. સ્તર બદલાઈ જવાના કારણે દરેકેદરેક સમસ્યાનું સમાધાન થવું સંભવ છે. દુનિયામાંથી કાંટા વીણી શકાતા નથી,  પરંતુ આપણે જૂતાં તો પહેરી શકીએ છીએ. જૂતાં પહેરીને આપણે કાંટાની તકલીફોમાંથી મક્તિ પામી શકીએ છીએ.

સાહેબ ! અમારી મોટી મોટી ઇચ્છાઓ છે. શી ઇચ્છાઓ છે તમારી ? અમારી ઇચ્છા એ છે  કે આ આખી દુનિયા લીલા રંગની થઈ જાય અને રેલ, સડક, ખેતર, મનુષ્ય બધું જ રંગીન થઈ જાય. સારું તો બેટા !  લે અમને તું કામ સોંપી દે, અમે આખી દુનિયાને લીલા રંગની બનાવી દઈશું. આખી દુનિયાને લીલી બનાવવા માટે કેટલા રૂપિયા જોઇએ ? હાલ પૂરતા તો બેટા, તું મને ૧000 કરોડ રૂપિયા આપી દે,

જેમાંથી હું પેઈન્ટ મંગાવી લઈશ અને બધી જ સડકો અને દીવાલોને રંગવાનું શરૂ કરી દઈશે.મહારાજ ! મારી પાસે સો કરોડ તો નથી, છતાં પણ હું તમને પેઈન્ટ માટે આપીશ પછી તો તમે નહિ માગીને ? બેટા ! પછી હું સો કરોડ લેબર માટે માગીશ. તો મહારાજજી ! આપ એમાં કેટલો સમય લેશો ? બેટા ! સો કરોડ વર્ષમાં કરી નાંખીશ. મહારાજજી ! પછી તો આ કઈ રીતે પૂરું થશે ? તું સૂરજને રંગાવવા ઇચ્છે છે, ચંદ્રમાને રંગાવવા ઇચ્છે  છે, જમીનને રંગાવવા ઇચ્છે છે, આસમાનને રંગાવવા ઇચ્છે છે, વૃક્ષોને રંગાવવા ઇચ્છે છે, સમુદ્રને રંગાવવા ઇચ્છે છે. પછી કઈ રીતે ઓછા સમયમાં રંગાઈ જશે ? સમય તો લાગશે ને ? હા મહારાજ ! ટાઈમ તો લાગશે. અચ્છા તો સો કરોડ પેઈન્ટ માટે અને સો કરોડ લેબર માટે જમા કર. તો મહારાજજી ! થઈ જશે ? બેટા ! હું કહી નથી શકતો, તારા માટે કોશિશ કરીશ.

મહારાજજી ! તો પછી અમારી મનોકામના પૂરી થઈ નથી શકતી શું ? બેટા ! તારી મનોકામના ક્યારેય પૂરી થઈ શકતી નથી. મહારાજજી ! એવી કોઈ શોર્ટ રીત જણાવો, જેનાથી મારી મનોકામના પૂરી થઈ જાય. હા બેટા ! હું એક રીત બતાવી શકું છું કે જેના લીધે તારી દુનિયા સેકંડોમાં લીલી થઈ શકે છે બતાવો મહારાજજી ! જો આ લે સવા બે રૂપિયાના ચશ્માં અને આંખો પર પહેરી લે. જેના લીધે સૂરજ પણ લીલો,ચંદ્રમા પણ લીલો, વાદળાં પણ લીલા, જમીન પણ લીલી, આસમાન પણ લીલું દેખાશે. આમાં તારા સો કરોડ રૂપિયા ખર્ચાશે નહિ અને તેના માટે સો કરોડ વર્ષ લાગશે નહિ.

### આપ્તકામ બનો

મિત્રો ! આપ્તકામ થવા માટે કામનાનું સ્તર બદલવું પડે છે. આપ જે કામનાઓને પૂરી કરવા ઇચ્છો છો, તે પૂરી થઈ શકતી નથી. રાવણની કામનાઓ પૂરી થઈ ન શકી. કંસની પૂરી થઈ ન શકી, હિરણ્યકશ્યપની પૂરી થઈ ન શકી, સિકંદરની પૂરી થઈ ન શકી, તો પછી તમારી કઈ રીતે પૂરી થઈ શકશે ? હા ! એક શરત પર તમારી કામનાઓ પૂરી થઈ શકે છે. કઈ રીતે ? આપ કામનાઓનું સ્તર બદલી નાંખો. સ્તર કઈ રીતે બદલી શકાય, તે હું તમને થોડી વારમાં બતાવું છું.

સાથીઓ ! દેવતા હોવા માટે એ જરૂરી છે કે તમારી ઇચ્છાઓ, તમારી કામનાઓ, જે પોઇન્ટ પર ટકેલી છે, તો પોઇન્ટને તમે બદલી નાંખો. રેડિયો કયા નંબર પર વાગી રહ્યો છે ? ક્યાંથી બોલી રહ્યો છે ? સાહેબ ! સિલોન પરથી બોલી રહ્યો છે. મહારાજજી ! સિલોનવાળા તો ઘણાં જ ગંદા ગીતો સંભળાવે છે. સારાં ગીતો વાગતા સ્ટેશનોને પણ તમે સાંભળી શકો છો, બસ કાંટાને જરા સરખો ફેરવી નાંખો. કઈ બાજુ ફેરવું ? વિવિધભારતી પર ફેરવી દો. અહા ! આ તો ઘણું જ સુંદર આવી પછી બેટા ! કાંટો કાંટો ફેરવ ! જો આપણે આપણા વિચારોના કાંટાને ફેરવી શકીએ – બદલી શકીએ, આપણા દૃષ્ટિકોણને બદલી શકીએ તો જે ઈર્ષ્યા અને ગુસ્સો અત્યારે આપણને કોરી ખાઈ રહ્યો છે, તે જયાં સુધી આપણે જીવીશું ત્યાં સુધી શાંત થશે નહિ. તે હજુ વધારે આપણને ઉકસાવશે, તે બધું જ શાંત થઈ શકે છે.

તો શું મહારાજજી ! આ કામનાઓ ક્યારેય પૂરી થઈ શકતી નથી ? હા બેટા ! આ ક્યારેય પૂરી થઈ શકતી નથી. તારી કામનાઓ જેટલી પૂરી થતી જશે. તેટલા જ પ્રમાણમાં તમારો ગુસ્સો વધતો જશે. સંતાન વધશે તો તારા ગુસ્સો વધશે. પદ વધશે તો ગુસ્સો વધશે. દરેક વસ્તુ ગુસ્સો પ્રેરિત કરનારી છે. ઇચ્છા અથવા કામના દૂરથી એટલી ખૂબસૂરત જણાય છે, પરંતુ જ્યારે આપણી નજીક આવે છે ત્યારે તે એટલી બેચેની લઈને આવે છે કે શું કહેવું ? જયાં સુધી લગ્ન નહોતું થયું, ત્યાં સુધી. હા બેટા ! તારા લગ્ન થઈ જશે. તો ઘણું જ સુખ પામી. સારું ચાલ તારા લગ્ન કરાવી દઉં. આ આવી ગઈ પત્ની. લાવો નાયલોનની સાડી, લાવો ઘરેણાં, લાવો વીંટી. અરે સાહેબ ! બસ્સો રૂપિયા મહિને મળતા હતા અને મોજ કરતા હતા, પણ આ ક્યાં આવી ગઈ ? બસ્સો રૂપિયા તો કપડાં-લત્તા માટે પણ નહિ હોય. ના સાહેબ ! તમે જાઓ ચોરી કરો, કંઈ પણ કરો, પરતું પૈસા કમાઈને લાવો. પાછું શું થઈ ગયું ? પત્ની આવી ગઈ, પછી બાળક અને પછી બાળકો આવી ગયા. અરે મહારાજજી ! આ શું થયું ? આ તો બાળકોની માથાફૂટ આવી પડી. બેટા ! તું તો આવું જ કહી રહ્યો હતો કે લગ્ન કરવાથી સુખ મળે છે. લઈ લે, સુખ ક્યાંથી મળશે.

**સુખ બહાર નહિ અંદર છે :** મિત્રો ! આ જે ઇચ્છાઓ છે, તે માત્ર આપણને ખુશી બતાવે છે, આપી નથી શકતી.

જો તમે સુખ પામવા ઇચ્છતા હો તો તમારે નવો દૃષ્ટિકોણ ગ્રહણ કરવો પડશે. પોતાના ચિંતનની પધ્ધતિ, વિચારવાની પધ્ધતિ, માન્યતાઓ, આસ્થાઓ, નિષ્ઠાઓ આ દરેકમાં ફેરફાર કરવો પડશે. જો તમે આ કરી શકો તો જોઇ શકશો કે તમે કેટલા શાંતિથી રહી શકો છો. કેટલા ઉન્નતિશીલ, તમને પોતાને કેટલા સંપન્ન અનુભવી રહયા છો. પહેલાં દૃષ્ટિકોણને તો બદલી નાંખો.

મિત્રો ! દેવતા બનવા મટો દૃષ્ટિકોણ બદલવો જરૂરી છે. દેવતાની ઘણી બધી વિશેષતા છે. દેવતા પાસે ધન પુષ્કળ છે. કેટલું ધન હોય છે ? બેટા ! ઘણું બધું ધન હોય છે. તો મહારાજજી ! મને પણ દેવતા બનાવી દો. હું તને બનાવી શકું છું, પરંતુ પૈસા આપીને નહિ. પૈસા આપીને ભણાવી પણ દઉ તો તું સિકંદરની જેમ જ પોતાના સમગ્ર ધનને આંખો સામે હોવા છતાં રડતો રડતો જઈશ. જે રીતે સિકંદર રડયો હતો. તેણે કહ્યું કે આ ધન મારી સાથે આવી નથી શકતું, જેને માટે મેં મારી આખી જિંદગી ખર્ચી નાંખી. આ બધું જ ધન સાળા માટે રહી ગયું, બનેવી માટે રહી ગયું, જમાઈ માટે રહી ગયું, દીકરા માટે  રહી ગયું. મારા માટે તે શું કામમાં આવશે ? આપણે કમાણી કરી કોના માટે ? સિકંદરે બંને હાથ તાબૂતની  બહાર કાઢી નાખ્યા, તે એટલા માટે કે જોનારા એ જુએ કે સિકંદર જે આવ્યો હતો, ખાલી હાથે આવ્યો હતો અને ગયો ત્યારે ખાલી હાથે ગયો. જે કમાયો  હતો, ત્યાંનું ત્યાં જ રહી ગયું.

### પોતાપણું જોડાય તો ખુશી

સાથીઓ ! પછી દેવતા ધનવાન કઈ રીતે થઈ શકે છે ? બેટા! દેવતા ધનવાન એ રીતે થાય છે, જેમના ધનની ફિલોસોફી હું તને સમજાવવા ઇચ્છું છું. ધન શું હોય છે ? ધન મિત્રો ! એને કહે છે, જેને આપણે પોતાનું સમજી લઈએ કે તે મારું ધન છે અને મને ખુશી આપે છે. કઈ રીતે ? એટલે કે આ ઘડિયાળ મારી છે. કોણ લઈ ગયું ઘડિયાળ ? તમે  કેવી રીતે બગાડી નાંખી ઘડિયાળને ? ઘડિયાળ અમારી છે અને અમારા ઓરડામાં રાખી છે. તો થઈ ગઈ ને મારી સંપત્તિ ? જો તેને વેચી નાંખીએ તો ? તો તમારી થઈ ગઈ. કેમ સાહેબ ! તમારી પાસેથી ઘડિયાળ લઈ ગયા હતા, તે ખરાબ થઈ ગઈ. હા ઘણી જ જૂની  હતી.

જે વસ્તુ આપણી છે, જેને આપણે પોતાની માની લઈએ છીએ, એ જ આપણી સંપત્તિ છે. એ જ  આપણી ખુશીનું માધ્યમ છે. કોઈ પણ વસ્તુ જેને તમે પોતાની માનો છો, મકાનને પોતાનું માનો છો, મોટરને પોતાની માનો છો, જમાઈને પોતાના માનો છો, તો આપણાં છે.

કેમ સાહેબ ! જો જમાઈ સાથે ઝઘડા થઈ જાય અને અમારી દીકરી સાથે છૂટાછેડા લઈ લે તો ? ત્યારે એ અમારો જમાઈ નથી. તો કોણ છે ? અમારો વેરી છે, અમારો દુશ્મન છે. કેમ સાહેબ ! બે મહિના પહેલાં તો તે આપનો જમાઈ હતો. હા, બે મહિના પહેલાં હતો, પણ તેણે છૂટા છેડા આપી દીધા છે, એટલે અમારો વેરી છે અને વિરોધી છે. સારું સાહેબ ! શું થઈ ગયું ? વ્યકિત તો એ જ છે. અરે, વ્યકિત તો એ જ, પણ આપણે શું બદલી નાખ્યું ? આપણે આપણો વિચાર બદલી નાંખ્યો. જેનો આપણે વિચાર કરીએ  છીએ, જેને આપણે પોતાના માની લઈએ છીએ, તે ચીજ આપણી થઈ જાય છે. એ જ આપણી સંપત્તિ થઈ જાય છે, પણ એય ક્યાં સાચું છે ? જે જમીન પર આપણે બેઠા છીએ, તે કોની છે ? અમારી છે. ના બેટા ! એ આપણી નથી એ બ્રહ્માજીએ બનાવી હતી. ક્યારે બનાવી હતી ? કરોડો વર્ષો પહેલાં બનાવી હતી, જયાં આપણે બેઠા છીએ, એ જમીન પટવારીના ખાતામાં જોઇ આવ. એમાં લાખો માણસોનાં નામ છેકાઈ ગયા હશે, અને એનાથી પણ આગળ જયાં સુધી આ જમીન ખતમ નહિ થાય, ત્યાં સુધી આપણા જેવા લાખો માણસોનાં નામ ઉમેરાતા જશે અને લાખોના નામ છેકાઈ જશે.

## અક્કલ ઠીક કરી લો, બધું બરાબર થઈ જશે

મહારાજજી ! હમણાં તો આપ કહી રહયાં હતા કે આ અમારી છે. હા બેટા ! છે તો અમારી, પણ કેવી રીતે છે ? એટલા માટે કે અમે માનીએ છીએ કે આ અમારી છે. જેના .પર આપણે આપણી માન્યતા બાંધી લઈએ છીએ, તે આપણું થઈ જાય છે. સારું, તો માન્યતા ઉપર છે ? હા બેટા ! માન્યતા ઉપર જ છે. જેના ઉપર અપણે પોતાપણાની ટોર્ચ નાંખીએ છીએ,એ ચીજ આપણી દેખાય છે.જેના પ્રત્યે આપણી ટોર્ચ બંધ કરી દઈએ છીએ, તે દેખાતી નથી.

પોતાપણું જેના ઉપર ફેલાવી દઈએ છીએ, તે જ આપણું થઈ જાય છે. જો હું તને સંપત્તિ અપાવી શકું છું. મેં તારા નામે ગંગાજીનો પટ્ટો લખી આપ્યો, હવે તું ગંગાજીનો માલિક છે. ના મહારાજજી ! હું કેવી રીતે માલિક છું ?

અરે બેટા ! તું જા, ગંગાજીનું પાણી પી અને ભરીને લઈ આવ. કોઈ તને રોકે તો મને કહેજે. જો તું તને ગંગાજીનો માલિક માની લઈશ, તો તું તેના માલિક છે. અને જો તું હિમાલયનો માલિક માની લઈશ. તો તું તેનો માલિક છે. હરિદ્વારથી માંડીને ઋષિકેશ સુદ્ધાં તારાં છે. તું મન ફાવે ત્યાં ફર. તને કોઈ રોકે તો મારી પાસે લઈ આવજે. હું કહીશ કે આ બધું એનું છે, અને બીજું શું શું છે તારું ? સૂરજ તારો છે, ચંદ્ર તારો છે, હિમાલય તારો છે, જમીન તારી છે, આકાશ તારું છે. હવા તારી છે આજથી.

બેટા ! સ્વામી રામ પોતાને રામ બાદશાહ કહેતા હતા અને કહેતા હતા કે હું દુનિયાનો બાદશાહ છું. બાદશાહત મળી શકે ? હા બેટા ! મળી શકે છે, જો અક્કલ જેટલી સંકીર્ણ, જેટલી નાની હશે, તેટલો જ તું ગરીબ બનીશ, દરિદ્ર બનીશ અને એટલો જ તું પછાત ગણાઈશ. પોતાની અક્કલનો વિસ્તાર કરો, સમજણનો વિસ્તાર કરો અને પછી જુઓ, આખી દુનિયા તારી બને છે કે નહિ.

અમારો વંશ

મહારાજજી, આપને કેટલા દીકરા છે ? અમારે ઘણા દીકરા છે. ગયા વર્ષે સુવર્ણ જયંતી સાધના વર્ષ (૧૯૭૫) માં અમે અપીલ કરી હતી કે આપ અમારી સાથેસાથે ૪૫ મિનિટ જપ કરજો અને જપ કરનારમાં આપનું નામ લખાવજો. અમારાં રજિસ્ટરમાં અત્યાર સુધી એક લાખ વ્યકિતઓના નામ લખાયાં છે. આ રીતે એક લાખ માણસોએ અમારી સાથે ૪૫ મિનિટ ઉપાસના કરી. મહારાજજી ! તો એ આપના દીકરા થયા ? હા બેટા, અમારી અખંડ જ્યોતિ પત્રિકા હિન્દી અને બીજી ભાષાઓમાં નીકળે છે. તેના એક લાખથી વધારે સભ્યો છે. એ બધા વાર્ષિક ૧૨ રૂપિયા પત્રિકાની ફી ભરે છે, એટલા માટે અમારા દીકરા છે. અમારા દોહિત્રો કેટલા છે ? એક એક માણસ દસ દસ જણને અખબાર-પત્રિકા વંચવો છે.

એ બધાને કહી દીધું કે અખંડ જ્યોતિ જયાં પણ જાય ત્યાં  દસ દસ જણને વંચાવવી જોઇએ. તો અમારા દોહિત્રો છે દસ લાખ. અને પ્રપૌત્રો ? જરા ઊભો રહે, બેટા. અમારા કુટુંબીઓ ઘણા છે. હજી તો ૭૦ વર્ષની ઉંમર થઈ છે. હજી તો અમારા દીકરા, પૌત્રો થઈ શકયા છે. હજી તો પ્રપૌત્રો થશે ત્યારે તને ગણાવીશ કે કેટલા છે ?

મહારાજજી ! એ ક્યાં છે ? એમાંના કોઈ કાયસ્થ છે, કોઈ વાણિયા છે. અરે બેટા, એટલા માટે કે તમને અમે અમારા માનીએ છીએ. તેઓ મારા અને અમે તેમના છીએ. બેટા , જો અમે ઘરડા થઈ જઈએ, થાકી જઈએ અને આપના ઘરમાં રહેવા માગીએ અને કહીએ કે આપ અમને એક ખાટલો મુકાય તેટલી જગ્યા અને બે રોટલી આપી દેજો. તો તમારામાંથી કોણ એવું છે જે હું નહિ આપું એમ કહીને મનાઈ કરી દે ? આજના જમાનામાં જયારે દીકરા બાપને કાઢી મૂકે છે, બાપ માટે રોજ પ્રાર્થના કરે છે કે આ ક્યારે મરી જાય કાં ક્યારે ચાલ્યો જાય ? ચાર ભાઈ હોય તો બાપને કહે છે કે અરે ભાઈ ! અહીં જ બેસી  રહો છો તો મોટા ભાઈને ત્યાં પણ જવાનું રાખો. ત્યાં પણ રહેવાનું રાખો. બીજા ભાઈની પાસે જાય છે તો તે કહે છે કે આપ પેલા ભાઈની પાસે કેમ જતા નથી ? અહીં જ કેમ બેસી રહો છો ? એક ભાઈ ઇચ્છે છે કે બીજાને ત્યાં ચાલ્યા જાય, તો બીજો ઇચ્છે છે કે ત્રીજાને ત્યાં જાય. અમારી બાબતમાં પણ આ જ વાત છે. પ્રત્યેક વ્યકિત વિચારે છે કે અમે કોના ઘરે જઈશું ? જે પહેલાં હાથ ઉંચો કરશે તેને ત્યાં જ જઈશું. અરે સાહેબ ! પહેલો નંબર મારો છે, પણ તેના ત્યાં પણ ચાલો. આપ લોકોમાંથી કોઈ એમ તો નહિ કહે કે આપ અમને નથી જોઇતા. આપ અમારા છો અને અમે આપના છીએ.

## પ્રેમથી બંધાયેલી જમાપૂંજી

મિત્રો ! અમે આપને પ્રેમની સાંકળથી બાંધી લીધા છે. એટલા માટે આપ અમારા દીકરા છો અને અમે આપના બાપ છીએ. પ્રેમની સાંકળથી આપ દુનિયાને બાંધી લો, જીવજંતુઓ, પ્રાણીઓને બાંધી લો તો આખી દુનિયા આપની છે, આપ તેના માલિક છો. દેવતા છો દેવતા પાસે અસીમ સંપત્તિ હોય છે. બાળકો અમે કમાયા, પૈસા અમે કમાયા. ક્યાં છે સાહેબ, પૈસા ? અમારી બેંકમાં જમા છે.

કઈ બેંકમાં રાખેલા છે ? આ બધા લોકો જે બેઠા છે તે અમારી બેંક છે. અમને જો જરૂર પડે અને કહીએ દસ રૂપિયાનો મનીઓર્ડર મોકલો. આ કયો મહિનો છે ? જાન્યુઆરી. બીજા ફેબ્રુઆરી મહિનામાં દસ દસ રૂપિયાના હિસાબે એક લાખ વ્યક્તિઓના દસ લાખ રૂપિયા જમા થઈ જશે. આપના જમા છે ? હા, જમા છે. તો અમારા જમા કરી લોને ! ના બેટા, કોઈ ચોર ચોરી જાય એટલે અમે પૈસા અમારી પાસે નથી રાખતા. કેમ સાહેબ ! બેંકમાં જમા નથી કર્યા ? બેંકમાં અમને વિશ્વાસ નથી. બેંક કરતાંય વધુ પ્રમાણિક માણસો અમને અમારા બાળકો લાગે છે. દીકરા-દોહિત્રા લાગે છે. એટલે અમે અમારું ધન લાખો કરોડોની સંખ્યામાં જમા કરીને રાખ્યું છે અને જ્યારે જરૂર પડે ત્યારે ફટ ફરતુંક મંગાવી લઈએ છીએ.

બેટા, અમે ખૂબ ધન કમાયા છીએ. અમારા ઘણાબધાં સંતાનો છે અને અમે દેવતા છીએ અને માતાજીની દીકરીઓ ? દીકરોઓનું તો કહેવું જ શું ? એ તો રાણી માખી છે. ગયા વર્ષે દીકરોઓ હતી સો, અત્યારે થઈ ગઈ બસો. નાની નાની દીકરોઓ બૂમો પાડીને રોતી હશે ને ? ના બેટા, કોઈ મૅટ્રિક, કોઈ ઇન્ટર, કોઈ બી.એ. સુધી ભણેલી છે. અત્યારે ૪૫ દીકરોઓ ગ્રૅજ્યુએટ અને પોસ્ટ ગ્રૅજ્યુએટ છે. આ બધી ક્યારે જન્મી ? બેટા, હજી એ તો જુલાઈમાં જન્મી હતી. જુલાઈમાં જન્મી અને જાન્યુઆરીમાં એમ.એ. થઈ ગઈ ? ના સાહેબ , એ માતાજીની નથી. એમ ! એ માતાજીની નથી ? તો પછી અમે આપને પૂછીએ છીએ કે આ દીકરીઓ જ્યારે વિદાય થાય છે તો આટલી બધી કેમ રોવે છે ? જાણે સાસરે જતા દીકરી રોતી હોય એમ ધ્રૂસકે ધ્રૂસકે કેમ રડે છે ? એથીય વધારે દુઃખી થઈને, રોતી કકળતી, પાલવ પકડીને, છાતીએ વળગીને રડે છે. કકળતી, પાલવ પકડીને, છાતીએ વળગીને રડે છે. માતાજી ! અમે અહીંથી જઈ રહયાં છીએ. દીકરી તારો બાપ લઈ જઈ રહ્યો છે, તો અમે શું કરી શકીએ ? તું અહીં રહેવા ઇચ્છે તો જિંદગીભર રહી શકે છે. પ્રેમ બાપ-દીકરીનો અને મા-દીકરીનો ઓછો નથી, વધારે છે. ક્યાંથી આવી ગઈ આ દીકરોઓ ? માતાજીએ કહુ કષ્ટ પડયું હશે. ના બેટા, આ તો કષ્ટ વિના જ જન્મેલી છે. પ્રેમની જંજિર જો આપણી પાસે હોય તો આખી દુનિયા આપણી થઈ શકે છે અને આપણે સૌના થઈ શકીએ છીએ.

## દેવત્વનો અર્થ

મિત્રો આ જ છે દેવત્વ. દેવત્વનો અર્થ છે – આપણી અંદર જો પ્રેમ હોય તો વ્યકિત એક, રીત બે, સંપત્તિ ત્રણ, શાંતિ ચાર અને આપણે અજાતશત્રુ. દેવતા અજાતશત્રુ હોય છે. દેવતાનો શત્રુ હોય છે ? ના બેટા, દેવતાને કોઈ શત્રુ નથી હોતો. કેમ સાહેબ , તેની સાથે તો આપને લડાઈ છે અને તે આપની સાથે વેર રાખે છે. હા બેટા, એને રાખવા દે. અમે વેર નથી રાખતા. તે તો આપને ગાળો દે છે. હા બેટા , તેનેદેવા દે. તેનાથી શું થાય ? અમે તો નથી દેતા, અમે તો વેર નથી રાખતા એટલે બળતરા, જલન અમારી અંદર તો નથી. ઈર્ષ્યા, ક્રોધ અમારી અંદર તો નથી. ના સાહેબ, તે વિરોધ કરે છે. તો બેટા તેને કરવા દે. અમને શું નુકસાન છે ? તેને જ નુકસાન થશે. દેવતા અજાતશત્રુ હોય છે. શત્રુ કોઈ નુકસાન પહોંચાડી શકતો નથી. ના સાહેબ, શત્રુ નુકસાન કરી શકે છે. મારપીટ કરી શકે છે.

બેટા ! મારફાડ તો તાવ પણ કરી શકે છે. ના સાહેબ, તે તો આપને મારી નાંખશે. અરે બેટા, તે તો મોટો માણસ છે મારી પણ શકે છે. પરતું હું તો એમ કહું છું કે એક મચ્છર, એક વીંછી માણસને મારી શકે છે. એક સોય પણ માણસને મારી શકે છે. મારવું એ કોઈ મોટી વાત નથી. એક દીવાસળી માણસને મારી શકે છે. આઠ આનાનું ઘાસતેલ માથા પર નાંખી લો અને એક પૈસાની દીવાસળી સળગાવી દો, મારી નાંખશે સવા આઠ આનામાં. મનુષ્યને મારી નાખવો એ કોઈ મોટી વાત નથી. દેવતા અજાતશત્રુ હોય છે. હું ઇચ્છું છું કે આપને દેવતા બનાવી દઉં તો મારી શિબિર પૂર્ણ થઈ જાય અને અમારું આપને અહીં બોલાવવાનું સાર્થક થઈ જાય. આજની વાત સમાપ્ત... ૐ શાંતિ...